

# ‘બ્રોકન પ્રોમિસિસ’: બિહાર રાજનીતિનો દસ્તાવેજ

આવતા અઠવાડિયે બિહાર વિધાનસભાની ચૂંટણી યોજાવા જઈ રહી છે. આપણે ત્યાં રાજ્યવાર અલગ-અલગ રીતે ચૂંટણીના ‘ખેલ’થાય છે. બિહારના હાલના મુખ્યમંત્રી નિતીશકુમાર છે અને તેને ટક્કર આપવા માટે લાલુ પ્રસાદ યાદવના દિકરા તેજસ્વી યાદવ છે. ઉપરાંત, બિહારની ચૂંટણીમાં ખૂબ મીડિયા એટેન્શન મેળવનારાં પ્રશાંત કિશોર પણ છે. બિહારની 243 બેઠકો પર ‘જનતા દલ યુનાઈટેડ’ના નિતીશકુમાર સાથે BJP, ચિરાગ પાસવાનની ‘લોકજનશક્તિ પાર્ટી’જેવાં અગત્યના પક્ષ છે. તેજસ્વી યાદવ સાથે કૉંગ્રેસ, ‘CPIપ’છે. ઉપરાંત, પણ અનેક પક્ષો બિહારની ભૂમિ પર રાજકીય-મલ્લમાં કૂદ્યા છે. બિહાર ચૂંટણીની આ સાવ ટૂંકાણમાં ભૂમિકા આપી છે. બિહાર ચૂંટણીમાં આજે પણ તેજસ્વી યાદવના કારણે તેમના પિતા લાલુ પ્રસાદ યાદવનું નામ ગાજે છે. લાલુ પ્રસાદ યાદવ બિહારના 1990થી 1997માં મુખ્યમંત્રી રહ્યા હતા. તે પછી તેઓ કૉંગ્રેસના મહાગઠબંધનથી બનેલી ‘UPA’માં રેલવે મંત્રી રહ્યા હતા. તેઓ ‘રાષ્ટ્રિય જનતા દલ’ના સ્થાપક છે. લાલુ પ્રસાદ યાદવ મુખ્યમંત્રી રહ્યા તે દરમિયાન બિહારના ન્યૂઝ દેશભરમાં ચર્ચામાં રહ્યા હતા. તેમના મુખ્યમંત્રી કાર્યકાળને ‘જંગલરાજ’તરીકે વગોવણી થતી આવી છે. તેમના આ કાર્યકાળ અને બિહારની રાજનીતિ વિશે ‘બ્રોકન પ્રોમિસિસ : કાસ્ટ, ક્રાઈમ ઍન્ડ પોલિટિક્સ ઈન બિહાર’નામનું પુસ્તક લખાયું છે. મૃત્યુંજય શર્મા પુસ્તકના લેખક છે અને ગત વર્ષે આ પુસ્તક પ્રકાશિત થયું હતું. આ પુસ્તકમાં બિહારની સમગ્ર રાજનીતિ અને લાલુ પ્રસાદ યાદવના કાર્યકાળને વિશેષ રીતે આલેખવામાં આવ્યો છે - જેમાં કેવી રીતે રાજ્યમાં કૌભાંડો થયા, ગુનેગારી વધી, જ્ઞાતિગત સંઘર્ષ થયા અને વહિવટના લીરેલીરા ઊડ્યા હતા. પુસ્તકનું મથાળું બિહાર માટે આપવામાં આવ્યું છે; પણ ઓછેવત્તે અંશે દેશના મોટા ભાગના રાજ્યોમાં નેતાઓ આપેલાં વચનો પળાતાં નથી. આ વખતે પણ તેજસ્વી યાદવ એક એવું વચન આપીને ફસાઈ ગયા હતા. તેમણે પ્રચાર દરમિયાન એવું કહ્યું કે અમે બિહારમાં ત્રણ કરોડ સરકારી નોકરી આપીશું. જે અશક્ય પડકાર છે.

**ઈન સાઈડ આઉટ સાઈડ**
**કિરણ કાપૂરે**




લાલુ યાદવ બિહારની રાજનીતિમાં આવ્યા કેવી




રીતે અને તેમનું કદ આટલું વધ્યું કેમ? તે વિશે લેખકે બિહાર રાજનીતિની પૃષ્ઠભૂમિ અને તેમાં લાલુ પ્રસાદ યાદવના પ્રવેશની વિગત ટાંકી છે. લેખક મૃત્યુંજય શર્મા લખે છે કે, ‘કૉંગ્રેસ પક્ષના ભદ્ર અને અળગા રહેવાની રાજકીય વલણમાં એક નવોસવો બદલાવ લઈને લાલુ આવ્યા હતા. તેમને સૌ કોઈ મળી શકતાં હતાં. તેઓએ પોતાની છબિ એ રીતે જ ઘડી હતી કે તેઓ સામાન્ય જનસમૂહમાંથી એક છે. અને તેઓ સામાન્ય લોકોની જેમ રહેવામાં આનંદ પણ અનુભવતા હતા. તેમની સાથે તેઓ હસતા, તેમના સુખ-દુઃખની ખબર-અંતર પૂછતા. તેમની આ છબિ અને વલણથી તેમની વહિવટી અને રાજનીતિની શૈલી ઘડાઈ હતી. તેમના વક્તવ્યની શૈલી એવી હતી કે તેઓ સમાજના સૌથી છેવાડના લોકો સાથે તુરંત નાતો બાંધી શકતા હતા. લાલુ હિંદી અને ભોજપુરી સરસ રીતે બોલતા હતા. તેઓ જ્યારે હિંદીમાં ઈન્ટરવ્યૂ આપતા ત્યારે પણ તેમની સ્થાનિક ભાષાનો લહેકો તેમાં ભળતો જેથી તેમના મતદાતાઓને લાગે કે આ આગેવાન અમારા છે. તેઓ પોતાના પર પણ હસી શકતા હતા. આ રીતે ભાગ્યે કોઈ રાજકીય આગેવાને સ્થાનિક શૈલી આગળ ધરીને લાભ મેળવ્યો હશે. તે વખતે લાલુ પ્રસાદ યાદવથી બિહારની એક છબિ ઘડાઈ હતી.’પુસ્તકમાં જુદાં-જુદાં પાને આપેલાં વિગતોના અંશ અહીં એક સાથે મૂક્યા છે.

લાલુ પ્રસાદ યાદવ જ્યારે આ રીતે બિહારની રાજનીતિમાં પોતાનું કદ વધારી રહ્યા હતા ત્યારે તેમની સામે કૉંગેસના દિગ્ગજ આગેવાનો હતા. તેમાંથી એક જગ્ગનાથ મિશ્રા હતા. તેઓ બિહારના ત્રણ વખત મુખ્યમંત્રી રહ્યા હતા. જગ્ગનાથ મિશ્રા હંમેશા લોકોથી અલગથલગ રહ્યા. જગ્ગનાથ મિશ્રા ભદ્ર વર્ગ પ્રત્યે વલણ ધરાવતા હતા અને તેમને સામાન્ય લોકો સાથે કોઈ લેવાદેવા નથી - તે પ્રકારનો પ્રચાર લાલુ પ્રસાદ યાદવે ખૂબ કર્યો હતો.

તેમણે એક વખત જગ્ગનાથ મિશ્રા વિશે જે કહ્યું હતું તેની ચર્ચા આજે પણ થાય છે. લાલુ પ્રસાદ યાદવે કહ્યું હતું કે, ‘જગ્ગનાથ મિશ્રા કી સરકાર કો તો બસ સ્વર્ગ મેં સીઢી લગાની બાકી હૈ.’વિધાનસભામાં પણ તેઓ જગ્ગનાથ મિશ્રાના કાર્યકાળ દરમિયાન થયેલાં ભ્રષ્ટાચાર વિશે ખૂબ ટીકા કરતા હતા. તેમણે વિધાનસભામાં જગ્ગનાથ મિશ્રા વિશે કહ્યું હતું કે, ‘મિશ્રા કો ચલને મેં તકલીફ હૈ. ક્યોંકી ઉન કા પેટ ભ્રષ્ટાચાર કે સોના ઔર હિરે સે લદા હુઆ હૈ, ઔર અગર મેં ગલત હું તો ઈસ્તિફા દે દેતા હૂં. નહીં તો મિશ્રા અપના ઈસ્તિફા દે.’આવું બોલતાં જ બિહાર વિધાનસભામાં હાસ્ય રેલાયું.

પુસ્તકમાં એક વિગત લેખક મૃત્યુંજય શર્માએ આપી છે તે ‘જનતા દરબાર’અંગેની છે. લાલુ પ્રસાદ યાદવના મુખ્યમંત્રી નિવાસસ્થાને આ દરબાર લાગતો હતો. તેમાં ભાગ્યે જ તેઓ કોઈ કાગળ વગેરે જોતાં અને પોતાનાં નિર્ણય જણાવતા હતા. તેમનાં નિર્ણયો ગામડાંના સરપંચ જેવા રહેતા. જોકે લાલુ પ્રસાદ મુખ્યમંત્રી બન્યા પછી તેમને એવું લાગવા માંડ્યું કે તેઓ વહિવટી ક્ષમતા કરતાં કરતાં જ્ઞાતિગત ગણિતથી પદ પર ટકી શકશે. તેથી તેમણે પોતાનું વલણ સમાજના કહેવાતા ઉચ્ચ વર્ગ કરતાં અલગ રાખવા માંડ્યું. 1991ના લોકસભાની ચૂંટણીમાં તો તેમણે એક સૂત્ર આપ્યું - ‘વિકાસ નહીં, સન્માન ચાહીએ.’એટલું જ નહીં જો કોઈ તેમને પોતાના ગામના રસ્તા વિશે ફરીયાદ કરે તો તેમનો જવાબ રહેતો કે જો ગામમાં રસ્તા બનશે તો તેનો લાભ ઉચ્ચ જ્ઞાતિના લોકો જ લેશે; કારણ કે તેમની પાસે વાહન છે. ગરીબ રસ્તાનો લાભ લઈ શકશે નહીં. જોકે તેમણે આ સિદ્ધાંત પોતાનાં મૂળ ગામ ફુલવારિયા માટે રાખ્યો નહોતો. તેમનાં ગામમાં તુરંત ઈલેક્ટ્રિક સબ-સ્ટેશન નિર્માણ કરવામાં આવ્યું હતું. તદ્‌ઉપરાંત રેલવે સ્ટેશન, હોસ્પિટલ, નવું પોલીસ સ્ટેશન ઉપરાંત સરકારી ઈમારતો પણ નિર્માણ ઝડપથી કરવામાં આવી હતી.

રાજકીય આગેવાનની છબિ જ્યારે શબ્દો થકી ઘડવી હોય ત્યારે તેને કેટલી બાજુથી ચકાસવી જોઈએ તે માટે પણ આ પુસ્તક વાંચવું જોઈએ. ‘એબીપી’ન્યૂઝ પર લેખક મૃત્યુંજય શર્માનો ઈન્ટરવ્યૂ આ પુસ્તક સંબંધિત લેવાયો છે, તેમાં મુલાકાત લેનાર લેખકને પૂછે છે કે - આ પુસ્તક લખવામાં અંતે લાલુ પ્રસાદ યાદવ તેમાં ખલનાયક દેખાય છે અને નીતિશકુમાર તેમાં નાયક દૃશ્યમાન થાય છે? આ પ્રશ્નના ઉત્તરમાં લેખક કહે છે કે, ‘નીતિશકુમારના આવ્યા પછી બિહારમાં જે પરિવર્તન દેખાયું તેનું એક કારણ કે બિહાર ખૂબ અંધકારમાં ડૂબી ચૂક્યું હતું. બીજું કે વાસ્તવમાં પણ નીતિશકુમારના આવ્યા પછી બદલાવ થયો, અને જો આ બંનેના કાર્યકાળને સરખાવવામાં આવે કે હત્યા અને ગુનાઓ તો આજે પણ થાય છે. પરંતુ આજના અને નેવુંના દાયકામાં થતી ઘટનાઓમાં એક અંતર જોવું છું કે, નેવુંના દાયકામાં જે ઘટનાઓ થતી હતી તેમાં ગુનાહીત ઘટનાને આકાર આપનાર અને સ્ટેટ[સરકાર] આમનેસામને નહોતા. તેમાં તેઓ બંને એકતરફ જ રહેતા હતા. આજના સમયમાં સરકાર ક્ષમતા ધરાવતી નથી અથવા તો તેઓ ગુનાહિત ઘટના સાથે પનારો પાડી શકે છે કે નહીં - તે વાત અલગ છે.

પરંતુ સરકાર ગુના સાથે સંકળાયેલી નથી. નીતિશકુમારના આવ્યા પછી રાજ્યના મોટા ભાગના બાહુબલિ નેતા જેલ ગયા. નેવુંના દાયકામાં જેટલી પણ મોટી ઘટનાઓ થઈ, જેટલાં પણ જ્ઞાતિગત જૂથો હતા તેમાં તેમને કોઈકનો સપોર્ટ રહેતો હતો. સરકારનો પણ સપોર્ટ હતો. બીજું કે તે વખતે થયેલી જાણીતી હત્યાઓ જોઈએ તો તે હત્યાઓ કરનારા કોણ હતા? તે સમયના બાહુબલી નેતાઓએ આ હત્યાઓ કરી હતી. તેઓ મહદંશે સરકારમાં હતા.

તે સમયે આવાં ગુનાહિત કૃત્યો કરનારને સરકારનું સંરક્ષણ મળતું હતું.

આવી સ્થિતિ જ્યારે બને ત્યારે લોકોને ખ્યાલ નથી આવતો કે તેઓ કોની પાસે જાય. આજે તે થોડી વધુ સારી સ્થિતિ છે. આજે થોડોક ભય છે કાયદાનો.’આ પુસ્તક 348 પાનાંનું છે અને અંગ્રેજીમાં હતું. હવે તે હિંદીમાં ઉપલબ્ધ છે. બિહાર અને તેની સાથે જોડાયેલી દેશની રાજનીતિનો પણ તેમાં આકલન મળે છે.

**લાલુ પ્રસાદ મુખ્યમંત્રી બન્યા પછી તેમને એવું લાગવા માંડ્યું કે તેઓ વહિવટી ક્ષમતા કરતાં કરતાં જ્ઞાતિગત ગણિતથી પદ પર ટકી શકશે. તેથી તેમણે પોતાનું વલણ સમાજના કહેવાતા ઉચ્ચ વર્ગ કરતાં અલગ રાખવા માંડ્યું. 1991ના લોકસભાની ચૂંટણીમાં તો તેમણે એક સૂત્ર આપ્યું - ‘વિકાસ નહીં, સન્માન ચાહીએ.’**



# દિવાળી ગઈ, દેવાળું દેતી ગઈ

તહેવારોમાં લોકો સારું લગાડવા માટે મીઠી મીઠી શુભેચ્છાઓ દીધે રાખે છે. એક જમાનામાં દિવાળીની શુભેચ્છાઓ દેવા લિસ્સા લિસ્સા ગ્રિટિંગકાર્ડ મોકલાતા ને હવે મોબાઈલ પર મેસેજો ઠાલવે રાખે છે કે ‘આપની દિવાળી મંગલમય હો’ પણ એ લોકોને ખબર નથી કે દિવાળીને ‘મંગલમય’ બનાવવાના ચક્કરમાં સામાન્ય માણસની હાલત કેવી ‘અમંગલ’ થઈ જતી હોય છે! કેટકેટલું તેલ બાળીને અને કેટલા ફટાકડાઓ ફોડીને, કરોડો રૂપિયાનો ધુમાડો કરીને આપણો દેશ, દિવાળીને માંડ માંડ મંગલમય બનાવે છે.

તહેવારો આપણી મહાન પરંપરા છે પણ મોટેભાગે એમાં બધાંનાં સૂરમાં સૂર પુરાવા જેવી દેખાદેખીની વાત છે. અંગ્રેજીમાં એક કહેવત છે, ‘કીપિંગ અપ વિથ જોન્સેસ’, એનો અર્થ એ છે કે પાડોશમાં રહેતું ‘જોન્સ પરિવાર’ જે રીતે પ્રગતિ કરી રહ્યું છે એની સરખામણી કે બરોબરી કરવામાં આપણે આખું જીવન ઢસરડા કરવામાં વિતાવી નાંખીએ છીએ. દિવાળીમાં પણ એવી જ મીઠી મૂંઝવણ છે કે આપણો પાડોશી જે કરી રહ્યો છે, આપણે એટલું જ નહીં પણ એના કરતાં વધારે સારું કંઈક કરવું પડશે. એ લોકો જેટલા ફટાકડાઓ ફોડીને જેટલા અવાજો કરી રહ્યા છે આપણે એના કરતાં ડબલ ફટકડા ફોડીને મોટા આવજો કરી મૂકવાના છે, એ લોકો જેટલા દિવા સળગાવે આપણે એના કરતાં 4 દિવા વધારે પ્રગટાવવાના છે. દિવાળીના દિવસે આપણી પત્નીઓએ સૌથી મોંઘી સાડી પહેરીને પાડોશીની પત્નીએ જે મોંઘી સાડી પહેરી છે એના કરતાં 4 ડિગ્રી વધારે સુંદર દેખાવાનું છે. કંપલસરી!

દિવાળી વિચિત્ર સ્પર્ધાનો તહેવાર બની ગયો છે. મોહલ્લામાં જે માણસ પૈસા ખર્ચીને દિવાળીને આ રીતે ‘મંગલમય’ નથી બનાવતો, લોકો એની નિંદા કરે છે ને અપમાનની નજરે એની સામે હસીને મલકે છે. સ્ત્રીઓ ઘરેણાંથી લદાયેલી છે ને આખો દેશ નવા કપડાં પહેરીને મીઠાઈઓ પેટમાં ઠૂંસી રહ્યો છે. દિવાળીના દિવસે કોઈ પણ આપણી પ્રજાને જોઈને એમ ન કહી શકે કે ભારતીયોમાં પ્રોટીન ને વિટામિનની કમી છે.

**શરદ જોશી સ્પીકિંગ**
**સંજય છેલ**

આપણા દિવાળીના ખર્ચાઓનું લિસ્ટ જેમાં- ઘરને કલર કરાવવાથી માંડી નવું ઝાડૂ કે સોનાનાં દાગીના ખરીદવાના કે ઘેરઘેર મિઠાઈઓ વહેંચવા સુધીનો ખર્ચો હોય છે, એ જોતાં મને તો નથી લાગતું કે આમને આમ હવે એ સીધાંસાદા પ્રામાણિક માણસનો તહેવાર રહી શકશે. સવારથી રાત સુધી બોમ્બના મોટા ધડાકા સંભળાય છે અને દસ દસ હજારની લૂમ ફોડવામાં આવે છે. આ બધું આગળ જતાં બ્લેક-મની વિના શક્ય જ નહીં થાય.

આ બધું જોઈને સ્વયં લક્ષ્મીજી તો મૂંઝવણમાં પડી જ ગયા હશે ને સાથે સાથે આપણે પણ મૂંઝવણમાં છીએ. ગામડાની ખેતીની આસપાસની સંસ્કૃતિનાં જમાનાની વાત અલગ હતી. એ વખતે આખા વર્ષની મુખ્ય ખરીદી દશેરા અને દિવાળી પર જ થતી. હવે તો આખું વર્ષ રોજ જ ઘણી બધી ખરીદી થાય છે. આપણાંમાં એક નવું ને વિશાળ ખરીદી કલ્ચર કે ગ્રાહક સંસ્કૃતિ પેદા થઈ ગઈ છે, જેમાં માણસને સામે જે મળે કે જેને જુએ એને તરત જ ખરીદવા માંડવાનું અને સતત કંઈકને કંઈક ખરીદતા રહેવું. ધંધાબજાર, શેરબજાર કે પૈસાબજારમાં ભલે મંદી હોય કે નહીં છતાં પણ દિવાળીની બજારોમાં હજુયે ભીડ એટલીને એટલી જ હોય છે. એક રીતે દેખાદેખીનાં દોગલા અર્થશાસ્ત્રએ દિવાળીને પૈસા વેડફવાનો તહેવાર બનાવી નાખ્યો છે. ઈન શોર્ટ, આપણી દિવાળીને ‘શુભ’ બનાવવાની લ્હાયમાં, બજારોને ‘લાભ’ કરાવીએ છીએ.

**આપણામાં એક નવું ને વિશાળ ખરીદી કલ્ચર કે ગ્રાહક સંસ્કૃતિ પેદા થઈ ગઇ છે, જેમાં માણસને સામે જે મળે કે જેને જુએ એને તરત જ ખરીદવા માંડવાનું અને સતત કંઈકને કંઈક ખરીદતા રહેવું**

મંગલમય દિવાળીની વધતી માંગ જોઈને લાગે છે કે હવે આવતી સદીની દિવાળી માટે બચત કરવાનું શરૂ કરી દેવું જોઈએ. નહીં તો સાહેબ મહોલ્લામાં મોઢું બતાવવા લાયક નહીં રહીએ. આપણું નાક કપાઈ જશે.

ચલો, ફરી પાછા ‘હેપ્પી દિવાળી’ ની શુભેચ્છાઓ પાઠવતા મેસેજ તો આવી જ ગયા છે સાથે સાથે મીઠાઈના અને સુકામેવાના બોક્સ, ગિફ્ટ્સ વગેરે પણ આવી જ ગયા છે. વાહ ભાઈ વાહ, આપણી પવિત્ર અને નિર્દોષ દિવાળીને મંગલમય બનાવવા લોકો કેટલો ખર્ચ કરી રહ્યા છે?

# મહિલા વર્લ્ડકપ સેમીફાઈનલનો વિક્રમી રનચેઝ અને જેમિમાની ઈનિંગ : ચાહકો કદી નહીં ભુલે

મહિલા વર્લ્ડકપની નોકઆઉટ મેચ જ્યારે સાતવારની ચેમ્પિયન ઓસ્ટ્રેલિયા સામે હોય અને તેમાં જ્યારે વિક્રમી રનનો લક્ષ્યાંક મળ્યો હોય ત્યારે કોઈપણ ટીમ પ્રેશરમાં આવી જાય અને કદાચ એ પ્રેશર જ તેમને નબળા પાડી દે. ભારતીય ટીમ અગાઉ ઓસ્ટ્રેલિયા સામે જ નોકઆઉટ મેચમાં ફસકી ચૂકી હતી. પણ આ વખતે કિસ્મત અને મહેનત અલગ હતી. જેમિમા રોડ્રિગ્સે એ કરી બતાવ્યું જેની કદાચ કોઈએ તેની પાસે આશા રાખી નહોતી. તેણે રમેલી આ મેચ વિનિંગ ઈનિંગ કોઈ ભુલી નહીં શકે અને એ ઈનિંગે બતાવ્યું કે સાવ પાતળા બાંધાની જેમીમા પાસે કોઈપણ પ્રેશર હેન્ડલ કરવાની અનોખી તાકાત છે. ગુરુવારે રાત્રે રમાયેલી આ સેમી ફાઈનલમાં જ્યારે અમનજોત કૌરે બોલને બેકવર્ડ પોઈન્ટ પર ફટકાર્યો અને તે બે ફિલ્ડરની વચ્ચેથી નીકળ્યો ત્યારે દેશના લાખો ક્રિકેટ ચાહકોમાંથી મોટાભાગનાની આંખમાં અશ્રુ

**ખેલખેલમેં**

તગતગ્યા હશે. એ આંસુ પીડાના નહીં પણ એક સંતોષની લાગણીના હશે

બોલને બેકવર્ડ પોઈન્ટ પરથી પાસ થતા જ અમનજોત કૌર ખુશ થઈ ગઈ. જેમીમા રોડ્રિગ્સે તેને ઉંચકી અને તે પછી પોતે મેદાન પર બેસીને પોતાનો ચહેરો ઢાંકી દીધો અને રડવા લાગી. અમનજોત ત્યાં જ ઉભી રહી અને તેની પીઠ પર થપથપાવી. નવી મુંબઈ ખુશીથી છલકાઈ ગયું. ભારતીય ખેલાડીઓ વચ્ચે દોડી ગયા. ડગઆઉટમાં રહેલા ખેલાડીઓ માટે, આલિંગન સૌથી કડક હતું. બધાની આંખમાં ખુશીના આંસુ હતા. ઓસ્ટ્રેલિયાને હરાવવું એ એક એવો અવરોધ હતો જેને ભારત તાજેતરના ICC ટુર્નામેન્ટના નોકઆઉટમાં વારંવાર પાર કરવામાં નિષ્ફળ ગયું હતું. પણ ગુરુવારે ભારતે એ કરી બતાવ્યું અને 2025 મહિલા વર્લ્ડકપની ફાઈનલમાં પહોંચી ગયુ.




રન ચેઝ કરવા માટે તમે ખરેખર ક્યારે આક્રમકતા અપનાવો તે આપણી રમતનો મુખ્ય ભાગ છે. છતાં તે રમતના સૌથી વધુ ચર્ચિત, ઘણીવાર ચર્ચાસ્પદ ભાગોમાંનો એક છે કે ખરેખર પેડલ પર પગ મૂકવાનો સમય કયો છે. અને તે નક્કી કરવાની મથામણ રહે છે. ભારત ઈન્દોરમાં ઈંગ્લેન્ડ સામે હારનો સામનો કર્યો ન હતો. ૩૦ બોલમાં ૩૬ રનનું સમીકરણ ૨૪ બોલમાં ૩૨ રનમાં પરિણમ્યું. અને પછી ૧૮ બોલમાં ૨૭ રન. ત્યારે પણ ક્રિઝ પર અમનજોત હતી. તેણે રમતને ઊંડાણમાં લઈ જવાનો પ્રયાસ કર્યો. પરંતુ તેનો સમય પૂરો થઈ ગયો. ભારતને ૧૨ બોલમાં ૨૩ અને છેલ્લી ઓવરમાં ૧૪ રનની જરૂર હતી; તેઓ ચાર રનથી હારી ગયા. અંતિમ કિક ક્યારેય મળી. જો કે ગુરુવારે અમનજોતે આવતાની સાથે જેમિમાને પુછ્યું હતું કે શું તે બોલરોને આહગળ વધીને ફટકારશે કે હું ફટકારું. ત્યારે જેમિમાએ કહ્યું હતું કે આપણે સારા રનર છીએ એટલે એ પ્રમાણે જ આપણે રમીએ અને એ બંનેએ એમ કરી બતાવ્યું.

ગુરુવારે ડીવાય પાટિલ સ્ટેડિયમમાં ઉપસ્થિત ૩૪,૬૫૧ દર્શકો - અને ટેલિવિઝન પર જોનારા કરોડો ચાહકો બધા પોતાની બેઠકો પર બેસવા માટે મજબૂર કરી દીધા. વર્લ્ડકપમાં પોતાની પહેલી સદી ફટકારનાર રોડ્રિગ્ઝને હમણાં જ રાહત મળી. ભારતને હવે ૩૩૯ રનના લક્ષ્યનો પીછો કરવા માટે ૩૬ બોલમાં ૪૮ રનની જરૂર હતી. ઋચા ઘોષે એશ્લે ગાર્ડનરને ત્રણ બોલમાં એક છગ્ગો અને એક ચોગ્ગો ફટકાર્યો, જેને તેણે WPL ૨૦૨૫ સીઝનની શરૂઆતની મેચમાં આઉટ કરી નાખી હતી.

એનાબેલ સધરલેન્ડ તેના અંતિમ ઓવર ફેંકતા પહેલા પીક પર રહી હતી. ત્યારે બધાના મનમાં એક સવાલ હતો કે શું એવું કંઈ છે જે તે ન કરી શકે?. તેણે ફક્ત પાંચ રન આપ્યા. વધુ નોંધપાત્ર વાત એ છે કે, તેણે આ વર્લ્ડકપમાં બે મેચોમાં બીજી વખત ઘોષને આઉટ કરી. ભારતની વિકેટકીપરની વાઈલ્ડ સ્વિંગના પરિણામે તે ફક્ત બેકવર્ડ પોઈન્ટ સુધી સર્કલની ધાર સુધી બોલ પહોંચાડી શકી. ઓસ્ટ્રેલિયા એક એવી ટીમ છે જેને તમે સમજવા પણ નહીં માંગો. મોટો લક્ષ્યાંક જોઈને બધાના મનમાં એ સવાલ હતો કે શું ભારતને ફરીથી હૃદયભંગનો સામનો કરવો પડશે? તણાવ સ્પષ્ટ હતો. સ્થિર રહો. રમતની સ્થિતિ વિશે એક પણ વાક્ય ન બોલો. જો કે જેમિમાનો પ્લાન કંઈ અલગ હતો.

**ભારતીય ટીમ અગાઉ ઓસ્ટ્રેલિયા સામે જ નોકઆઉટ મેચમાં ફસકી ચૂકી હતી. પણ આ વખતે કિસ્મત અને મહેનત અલગ હતી. સાવ પાતળા બાંધાની જેમિમા રોડ્રિગ્સે એ કરી બતાવ્યું જેની કદાચ કોઇએ તેની પાસે આશા રાખી નહોતી. જ્યારે અમનજોત કૌરે બોલને બેકવર્ડ પોઇન્ટ પર ફટકાર્યો અને તે બે ફિલ્ડરની વચ્ચેથી નીકળ્યો ત્યારે દેશના લાખો ક્રિકેટ ચાહકોમાંથી મોટાભાગનાની આંખમાં અશ્રુ તગતગ્યા હશે**

આ પહેલા જ્યારે સ્મૃતિ મંધાના DRS દ્વારા કેચઆઉટ જાહેર થઈ ત્યારે ડીવાય પાટિલ સ્ટેડિયમના સૌથી ઘોંઘાટીયા સ્ટેન્ડમાં પિન ડ્રોપ સાયલન્સ છવાયું હતું. ભારતમાં મહિલા ક્રિકેટ મેચોમાં સ્ટેડિયમનો અનુભવ વધારનાર ચાહકોનું જૂથ, બકેટ હેટ કલ્ટ, અવિશ્વસનીય રીતે શાંત થઈ ગયું હતું. તે પછી જેમિમા અને કેપ્ટન હરમનપ્રીત કૌરે મળીને બાજી સુધારી અને તે પછી જે થયું તે ઈતિહાસ બની ગયો. જેમિમાએ જે કર્યું તે કોઈ ભુલી શકે તેમ નથી. મેચ પછી તેની, હરમનપ્રીતની કે સ્મૃતિ મંધાનાની આંખમાં જે અશ્રુ હતા તે એ દર્શાવતા હતા કે ભારતે આ વિજય માટે વર્ષો રાહ જોઈ છે. મેચ જોતી વખતે અને જેમિમાની ઈનિંગ દરમિયાન એવું લાગતું હતું કે ભારતીય ખેલાડીઓ નહીં પણ ઓસ્ટ્રેલિયનો વધુ પ્રેશરમાં હતા.